ચૂંટણી રણશિંગુ ફુંકાયું : અરવલ્લી જિલ્લાની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ, ૧૭ હજાર નવા મતદારો

શહેરી વિસ્તારમાં નવા મતદારોમાં ઘટાડાથી આશ્ચર્ય, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, પાલિકાની ૨૧૮ બેઠકો માટે મતદાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૨ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાવવાની છે ત્યારે ચૂંટણીપંચના આદેશ અનુસાર અરવલ્લી જિલ્લામાં તા.૨ ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થતાં ઉમેદવારોમાં મતદાર યાદી મેળવવા માટે હોડ જામી હતી. આખરી મતદાર યાદીમાં ૧૭,૬૦૭ નવા મતદારોનો ઉમેરો થયો છે. મોડાસા પાલિકામાં ૮૯૨, બાયડ પાલિકામાં ૩૨૩ નવા મતદારો નોંધાયા છે. જ્યારે બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, મેઘરજ અને માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭,૬૦૭ મતદારોનો ઉમેરો થયો છે.



વિધાનસભાની ૨૦૨૨ માં યોજાનારી નિર્ણય કર્યો છે. અરવલ્લીમાં ભાજપ માટે જિલ્લા પંચાયતમાં ભગવો લહેરાવવાનું દબાણ છે. જ્યારે કોંગ્રેસને સત્તા જાળવી રાખવાનું દબાણ ઉભું થયું છે. પાછલા ૫ વર્ષમાં અનેક સ્થિતિમાં ફેરફાર થયો છે. જે રીતે ભાજપ-કોંગ્રેસમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં ટીકીટ મેળવવા માટે ઉમેદવારોની હોડ જામી તે જોતાં રાજકીય પક્ષોના આગેવાનો મલકાયા છે. પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધ થયા પછી ચૂંટણીપંચના નિર્દેષ અનુસાર સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ માટે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થતાં બાયડ થી ભિલોડા સુધીના વિસ્તારમાં મતદાર યાદીમાં પોતાનું નામ છે કે કેમ..?? તેની ખરાઈ કરાવવા માટે અનેક જાગ્રત નાગરિકો અને ભાવિ ઉમેદવારોએ ઉત્સાહ દર્શાવ્યો હતો. જિલ્લામાં નિષ્પક્ષ અને ન્યાયિક ચૂંટણી યોજાય તે માટે તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો અલગ તારવવામાં આવ્યા છે. ચૂંટણીલક્ષી તાલીમ પણ કર્મચારીઓને આપવાની શરૂઆત થઈ છે.

અરવલ્લી જિલ્લામાં ૩.૯૩ લાખ મહિલા મતદારોના હાથમાં વિજયની ગુરૂચાવી

૧૦૯ મહિલાઓ પ્રતિનિધિત્વ કરશે

બાયડ : અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૮,૦૫,૩૨૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ૨૧૮ પ્રતિનિધિઓને ચૂંટશે ત્યારે સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ૫૦ ટકા મહિલા અનામત આવતાં અનેક મહિલાઓની ૨ માર્ચ પછી પ્રમુખ પદે તાજપોષી થવાની છે. આ સંજોગોમાં જિલ્લાના ૩,૯૩,૫૭૦ મહિલા મતદારોના હાથમાં કયા રાજકીય પક્ષને વિજયી રથમાં બેસાડવાની ગુરૂચાવી છે. મહિલા મતદારોને સાયલેન્ટ મતદારો તરીકે ઓળખવામાં આવે છે. સાયલેન્ટ મતદારો જે તરફ મતદાન કરશે તે રાજકીય પક્ષનો જવલંત વિજય નિશ્ચિત છે. જિલ્લામાં વિવિધ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૦૯ મહિલાઓ ૫ વર્ષ માટે પ્રતિનિધિત્વ કરતી જોવા મળશે.

સામાન્ય ચૂંટણી અગાઉની સેમીફાઈનલ ગણાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફતેહ મેળવવા માટે મુખ્ય રાજકીય પક્ષ ભાજપ-કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષોએ મેદાનમાં ઉતારવાનો

જિલ્લાની આખરી મતદાર યાદી..

તાલુકો	કુલ મતદારો
ભિલોડા	૧,૭૭,૦૧૬
મોડાસા	૧,૨૬,૬૪૭
મેઘરજ	૧,૨૩,૯૮૨
બાયડ	૧,૪૮,૪૬૭
માલપુર	૭૬,૧૦૧
ધનસુરા	૮૩,૭૪૯
મોડાસા પાલિકા	૫૪,૭૯૯
બાયડ પાલિકા	૧૪,૫૬૮

દાંતીવાડાના સાતસણની સીમમાં ચાર હાથી બિનવારસી મળ્યા

દાંતીવાડા પંથકમાંથી ચાર હાથી બિનવારસી હાલતમાં મળી આવતાં દોડધામ મચી ગઈ હતી. આજે વહેલી સવારે ગામની સીમમાં અચાનક ચાર હાથી મળી આવતાં સ્થાનિકોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. જેને લઈ દાંતીવાડા રેન્જ કચેરીએ દોડી આવી હાથી ક્યાંથી આવ્યા તેની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં અજાણ્યા માલિકોથી ચારેય માદા હાથી છૂટા પડ્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. ગામની સીમમાંથી હાથી મળ્યા હોવાની વાત વાયુવેગે પ્રસરી જતા લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમવાર એક સાથે ચાર માદા હાથી તદ્દન બિનવારસી હાલતમાં મળી આવ્યાની મોટી ઘટના સામે આવી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના સાતસણ ગામની સીમમાં આજે વહેલી સવારે ચાર હાથી મળી આવતાં લોકોમાં કૂતુહલ સર્જાયુ હતુ. જેને લઈ સ્થાનિક લોકોએ વનવિભાગને જાણ કરતાં દાંતીવાડા રેન્જ કચેરીએ દોડી આવી ચારેય માદા હાથીનો કબ્જો લઈ તેમને પાણી અને ખોરાક આપી ગામમાં જ સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે. જો કે આ સાથે ચારેય હાથી સંપુર્ણ તંદુરસ્ત અને સુરક્ષિત હોઈ વન વિભાગે રાહતનો દમ લીધો હતો.

એક દિવસે મતગણતરી કરવા મામલે પંચ-સરકારને નોટિસ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ : ૬ ફેબ્રુઆરી પહેલા જવાબ રજૂ કરવા આદેશ : આ મુદ્દે વધુ સુનાવણી ૯ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. એક જ દિવસે મતગણતરી કરવાની માંગને મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ઈલેક્શન કમિશન અને રાજ્ય સરકારને નોટિસ ઈશ્યું કરીને ૬ ફેબ્રુઆરી પહેલા જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો છે. આ મામલે વધુ સુનાવણી ૯ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા ૬ મહાનગરપાલિકાઓ માટે ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૨૩મી ફેબ્રુઆરીએ મતગણતરી કરવામાં આવશે. જ્યારે ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો તથા ૮૧ નગરપાલિકાઓ માટે ૨૮ ફેબ્રુઆરીએ મતદાન થશે જેની મતગણતરી બીજી માર્ચે કરવામાં આવશે. જો કે, ચૂંટણીઓની મતગણતરી એક જ દિવસે કરવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે. અરજદારે હાઈકોર્ટમાં કરેલી અરજીમાં રજૂઆત કરી છે કે, મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીનું મતદાન થશે તો ચૂંટણી પ્રક્રિયાની સ્વતંત્રતા પર વિપરિત અસર થશે.

અમદાવાદ સહિત ૬ મહાનગરોમાં ૨૧ ફેબ્રુઆરીના રોજ યોજોનારી મહાનગર પાલિકાની ચૂંટણી માટે આજથી ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ ગઈ છે. અમદાવાદના ૪૮ વોર્ડ મળી ૬ મહાપાલિકાના ૧૪૪ વોર્ડની કુલ ૫૭૬ બેઠકો માટે ૬ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરવા માટે રાજ્યના ચૂંટણી પંચે કોરોના સંદર્ભે ગાઈડલાઈન્સ બહાર પાડી છે. ત્યારબાદ ૮મીએ ફોર્મ ચકાસણી થશે અને ૯મીએ ફોર્મ પાછા ખેંચી શકાશે. ઉમેદવારને કોરોનાનો ચેપ લાગ્યો હોય અથવા શંકાસ્પદ લક્ષણો હોય તો પણ પ્રોટોકોલના પાલન સાથે ફોર્મ ભરી શકશે.

ગુજરાત પ્રજાપતિ ભાજપ વિચારધારા દ્વારા

પ્રજાપતિ સમાજના આગેવાનોને ઉમેદવારી કરવાની તક આપવા રજુઆત

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં ૯ ટકા પ્રજાપતિ સમાજની વસ્તી છે. સમાજના મહત્તમ લોકો ભાજપ વિચારધારા સાથે જોડાયેલા છે પરંતુ પાર્ટી દ્વારા વસ્તીના ધોરણે પ્રજાપતિ સમાજને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી. આથી આગામી ચૂંટણીમાં પૂરતા પ્રમાણમાં પ્રજાપતિ સમાજને પ્રતિનિધિત્વ મળી રહે તે માટે આ સંસ્થાની કોર કમિટીના સભ્યો ઈશ્વરભાઈ મુખી, પીંપળીધામ, સુરેન્દ્રનગર, અનિલ પ્રજાપતિ, અમદાવાદ, વિરચંદભાઈ પ્રજાપતિ, મહેસાણા, વાઘજીભાઈ પ્રજાપતિ, કચ્છ, દલસુખભાઈ જાગાણી, રાજકોટ, રમેશભાઈ કંસારા, જામનગર, લાલજીભાઈ પ્રજાપતિ, પાલનપુર, મુકેશભાઈ પ્રજાપતિ, સુરત દ્વારા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મહામંત્રી, ભીખુભાઈ દલસાણિયા, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને મળીને ગુજરાતભરના પ્રજાપતિ સમાજના તમામ આશરે ૨૦૨ ઉમેદવારોના બાયોડેટા આપીને પ્રજાપતિ સમાજને વધુમાં વધુ આગામી ચૂંટણીમાં પ્રતિનિધિત્વ મળે અને પ્રજાપતિ સમાજના ભારતીય જનતા પાર્ટીના વર્ષોથી કામ કરતા નિષ્ઠાવાન અને કર્મઠ કાર્યકર્તાઓ તથા પ્રજાપતિ સમાજને પૂરતો ન્યાય આપવામાં આવે તેવી પ્રજાપતિ સમાજની લાગણી અને માંગણીની રજૂઆત કરાઈ હતી.

રાજ્યકક્ષાની ટેબલ ટેનીસ સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાના બે ખેલાડીઓ ઝળક્યા

અરમાન શેખને સીલ્વર, જન્મેજય પટેલને બ્રોન્ઝ મેડલ

કોરોના વૈશ્વીક મહામારીના પગલે એક વર્ષ સ્થગીત કરેલ રાજ્યકક્ષાની ટેબલ ટેનીસ સ્પર્ધાનું આયોજન કચ્છના ગાંધીધામ ખાતે કરવામાં આવ્યું હતું રાજ્યકક્ષાની સ્ટીગા કોસ્કો ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પીયનશીપ-૨૦૨૦માં સમગ્ર રાજ્યભરના ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં અરવલ્લી જીલ્લાના મોડાસાના અરમાન શેખે સિલ્વર અને જન્મેજય પટેલે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા મોડાસા શહેરના બંને ખેલાડીઓએ રાજ્યની ટીમમાં સ્થાન પ્રાપ્ત કરી આગામી સમયમાં ૨૪ ફેબ્રુઆરીએ યોજાનાર નેશનલ કક્ષાએ રમવા જશે બંને ખેલાડીઓએ કોરોના સંક્રમણમાં પણ ઘરે અને પ્રેક્ટિસ સ્થળે કોચ મઝહર સુથારના માર્ગદર્શન હેઠળ અથાગ મહેનત થકી જ્વલંત સફળતા મેળવી સમગ્ર રાજ્યમાં મોડાસા શહેરનું નામ રોશન કર્યું છે.

ખેડૂતો માટે આફતના સંકેત

ઉત્તર ગુજરાતમાં બે વેસ્ટર્ન ડિસ્ટબન્સ સક્રીય થવાની શક્યતા

ભિલોડા, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

કોરોનાની ચુંગાલમાંથી ઉત્તર ગુજરાતની પ્રજા ધીમે ધીમે મુક્ત થઈ રહી છે ત્યારે નવા વર્ષના આરંભ સાથે હવે કમોસમી માવઠા ખેડૂતોને બરબાદ કરે તેવા સંકેત મળ્યા છે. ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં ૧૧ ફેબ્રુઆરી સુધીમાં ૨ વેસ્ટર્ન ડિસ્ટબન્સ સક્રીય થવાની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના ખેડૂતો હવામાન વિશેષજ્ઞ અંબાલાલ પટેલની આગાહી ઉપર વધુ ભરોસો કરે છે. ફેબ્રુઆરી મહિનામાં કમોસમી માવઠું વરસે તો ખેડૂતોને વધુ નુકસાન થવાની દહેશત છે.

૧૧ ફેબ્રુઆરી સુધી કમોસમી વરસાદની સંભાવના

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં લાખો હેક્ટર જમીનમાં રવી ખેતી લહેરાઈ રહી છે. પિયત વિસ્તાર વધતાં ઠંડીનો પ્રકોપ પણ અનેક ગણો વધ્યો છે. માફકસરની ઠંડીથી રાયડો, બટાકા, ઘઉં, જીરૂ, વરીયાળી સહિતના પાકને ફાયદો જ ફાયદો જણાય છે. ત્યારે વિદાય થયેલા વર્ષ ૨૦૨૦ ની કાલિમામાંથી બહાર આવેલા ખેડૂતો વર્ષ-૨૦૨૧માં નવી અપેક્ષાઓ રાખી છે પરંતુ જાન્યુઆરીમાં કમોસમી માવઠાં વરસ્યા પછી હવે ફેબ્રુઆરી મહિનામાં પણ કમોસમી માવઠાની આગાહી કરવામાં આવી છે. કમોસમી માવઠાં ઉત્તર ગુજરાતના ચોક્કસ વિસ્તારોને વધુ અસર કરતા હોય છે ત્યારે વેસ્ટર્ન ડિસ્ટબન્સ ઉત્તર ગુજરાત ઉપર સક્રીય થાય તો ખેડૂતોનાં તમામ ગણિત ઉંધાં પડી શકે છે.

એચડીએફસી બેંકે બિઝનેસ કૉરેસ્પોન્ડેન્ટ્સ માટે ઈએમઆઈ કલેક્શન સર્વિસ લૉન્ચ કરવા CSC સાથે સહભાગીદારી કરી

બિઝનેસ કૉરેસ્પોન્ડેન્ટ્સને સમગ્ર દેશમાં ઝીજીઝજ ખાતે એચડીએફસી બેંકના ઈએમઆઈ એકત્રિત કરવાની સગવડ પૂરી પાડવા માટેની પહેલ કરી છે. એચડીએફસી બેંક તથા ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી બાબતોના કેન્દ્રીય મંત્રાલય (MeitY) હેઠળના સ્પેશિયલ પર્પઝ વ્હિકલ (CSC SPV) સીએસસી ઈ-ગવર્નેન્સ સર્વિસિઝ ઇન્ડિયા લિ.એ આજે સંયુક્તપણે સીએસસી-એચડીએફસી બેંકના સમગ્ર દેશના બિઝનેસ કૉરેસ્પોન્ડેન્ટ્સ માટે ઈએમઆઈ એકત્રિકરણ સેવાની જાહેરાત કરી હતી.

તેનાથી ગ્રાહકો માટે ચૂકવણીઓ કરવાનું ઘણું સુગમ બની જશે, ગ્રાહકો હવે પોતાના બાકી નાણાં જમા કરાવવા માટે તેમની નજીક આવેલા સીએસસી-એચડીએફસી બેંકના કૉરેસ્પોન્ડેન્ટ્સ અથવા તો વિલેજ લેવલ આંત્રપ્રેન્યોર (વીએલઈ), સિસ્ટમમાં રહેલ ચૂકવવાપાત્ર રકમને ક્રૉસ ચેક કરવા ગ્રાહકના લૉન ખાતાને તેમના નોંધણી પામેલા ફોન નંબર સાથે મેચ કરશે. ત્યારબાદ વીએલઈ એકત્રિત કરવામાં આવેલ રકમની રસીદ આપશે અને આ રકમને બેંકમાં સીએસસીની મુલાકાત લઈ શકશે. નિયત ફૉર્મમાં જમા કરાવશે.

એસબીઆઈ બેંક દ્વારા રક્તદાન શીબીરનું આયોજન

ભારતીય સ્ટેટ બેંક, સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ શાખા, પરમસિધ્ધી કોમ્પ્લેક્ષ, એલીસબ્રીજ, અમદાવાદ ખાતે રકતદાન શીબીરનું આયોજન કરવામાં આવેલ હતું.

સ્વૈછીક રીતે રકતદાન શીબીરનો શુભારંભ બેંકના ગુજરાત સર્કલ, મુખ્ય મહાપ્રબંધક શમશેરસિંહ માનની ઉપસ્થિતીમાં કરવામાં આવેલ. તે પ્રસંગે ભારતીય સ્ટેટ બેંકનો પરીવાર દરેક પ્રકારે દેશવાસીયોની સેવામાં અગ્રણી રહેલ છે. કોરોના જેવી મહામારી હોવા છતાં પણ ભારતીય સ્ટેટ બેંક પરીવાર બેંકીગ કાર્યોની સાથે-સાથે સામાજીક કાર્યોમાં હર હંમેશ આગળ છે. સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ શાખાના ઉપ મહાપ્રબંધક જીતેન્દ્ર શંકરે કહ્યુ કે આ કાર્યક્રમનું આયોજન ભારતીય સ્ટેટ બેંક, સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ ગ્રુપ દ્વારા દેશભરમાં આયોજીત રકતદાન શીબીરોમાંનું એક છે. આ પ્રસંગે રમેશકુમાર અગ્રવાલ (મહાપ્રબંધક), મધુકર આનંદ (મહાપ્રબંધક), અરવિંદકુમાર સુદ (મુખ્ય વિકાસ અધિકારી), હર્ષદ સાહોલિયા, રાજેન્દ્રકુમાર આનંદ, નિતિનકુમાર ચૌહાન, સુનિલ ડી રચ્છ, વિવેકાનંદ, નિરજ ડી. વાઘેલા (બધા સહાયક મહાપ્રબંધક) બધા ખુબ જ મોટી સંખ્યામાં સ્ટાફ અને નાગરીકો ઉપસ્થિત રહેલ.

રકતદાન શીબીરમાં રેડક્રોસ, અમદાવાદથી સુર્યકાંત નાયક, સહાયક નિદેશક અને ડૉક્ટર પ્રતિક શુક્લા અને તેમની ટીમ કોવીડના નિયમો અનુસાર રકતદાન શીબીરનું સફળ સંચાલન કરેલ હતું. રકતદાન શીબીરમાં ભારતીય સ્ટેટ બેંકની મહિલા સ્ટાફ સહીત કુલ ૮૦ તેમજ અન્ય સ્ટાફ સભ્યો અને નાગરીકોએ રકતદાન કરેલ હતું.

કાર્યકારી પ્રમુખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેકનોલોજીનો અનુભવ છે. સ્પેસ ટેકનોલોજી, સ્પેસ સ્ટ્રેટેજી એન્ડ પોલિસીમાં ખાસ્સો અનુભવ હોવાની સાથે તેમણે વ્હાઈટ હાઉસમાં પોલિસી અને નેશનલ સ્પેસ કાઉન્સિલમાં પણ કામ કર્યું છે. લાલ માત્ર ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની જ નહીં, પણ સ્પેસ ઈન્ટેલિજન્સ કમ્યુનિટીની પણ ઊંડી જાણકારી ધરાવે છે. ઘણાં અમેરિકન પણ આ સ્થાન પર બિરાજવા માટે કતારમાં હતાં. જોકે, આ પદ માટે ભવ્યા બાઈડેનની પહેલી પસંદ હતાં. ભવ્યા લાલ ભારતીય મૂળના અમેરિકન છે. ભવ્યા મૂળભૂત રીતે સ્પેસ સાયન્ટિસ્ટ છે. તેઓ જો બાઈડેનની ટ્રાન્ઝિશન ટીમમાં પણ રહી ચૂક્યાં છે.

તેમની પાસે સ્પેસ ટેકનોલોજી અને એન્જિનિયરિંગનો બહોળો અનુભવ છે. તેઓ ૨૦૦૫થી ૨૦૨૦ સુધી સાયન્સ એન્ડ ટેકનોલોજી પોલિસી ઈન્સ્ટિટ્યૂટ (એસટીપીઆઈ)ના ડિફેન્સ એનેલિસિસ વિંગમાં મેમ્બર અને રિસર્ચર રહ્યાં છે. ભવ્યા સતત બેવાર નેશનલ ઓસિયાનિક એડમિનિસ્ટ્રેશન કમિટીને લીડ કરી ચૂક્યાં છે. ભવ્યાએ માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી એન્જિનિયરિંગ કર્યું. એ પછી

પબ્લિક પોલિસી એન્ડ પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ડોક્ટરેટની ઉપાધિ મેળવી. ભવ્યા લાલ સ્પેસ ટેક્નોલોજી અને પોલિસી કોમ્યુનિટીનાં એક્ટિવ સભ્ય છે. તેઓએ નેશનલ એકેડમી ઓફ સાયન્સની પેનલોની અધ્યક્ષ કે સહ અધ્યક્ષ રહી ચૂક્યાં છે. ભવ્યા લાલ આ પહેલા વિજ્ઞાન અને ટેક્નોલોજી રિસર્ચ અને કન્સલ્ટની ફર્મ સી-એસટીપીએસ એલએલસીના અધ્યક્ષ પણ રહી ચૂક્યાં છે.

ભવ્યા લાલ નાસામાં પહેલાં એડવાઈઝરી કાઉન્સિલ મેમ્બર પણ રહી ચૂક્યાં છે. સ્પેસ રિસર્ચના મામલે અમેરિકાની મોટી કંપની સી-એસટીપીએસ એલએલસીમાં પણ ભવ્યા કામ કરી ચૂક્યાં છે. ત્યાર પછી તેઓ એનાં પ્રેસિડન્ટ પણ બન્યાં. એ પછી તેમને વ્હાઈટ હાઉસમાં સ્પેસ ઈન્ટેલિજન્સ કમિટીનાં મેમ્બર બનાવાયાં હતાં. અમેરિકન ન્યૂક્લિયર સોસાયટી અને ઈમર્જિંગ ટેકનોલોજી સાથે જોડાયેલી બે સરકારી કંપનીઓએ ભવ્યાને એડવાઈઝર તરીકે પોતાના બોર્ડમાં જગ્યા આપી હતી. એસ્ટ્રોનોટ ટ્રેનિંગ પ્રોગ્રામમાં તેમના કહેવાથી ફેરફાર કરાયા હતા. ભવ્યા લાલે સ્પેસ સેક્ટરમાં ઘણું યોગદાન આપ્યું છે. તેઓ ઈન્ટરનેશનલ એકેડમી ઓફ એસ્ટ્રોનોટની સભ્ય રહી ચૂક્યાં છે. ભવ્યાએ પ્રતિષ્ઠિત માસાચ્યુસેટ્, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીથી વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયમાં માસ્ટર્સની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓએ પબ્લિક પોલિસીમાં વોશિંગટન યુનિવર્સિટીથી પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કર્યા છે.

ચક્કાજામનું એલાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ રાજકીય પક્ષો જે ખેડૂત બિલોનો વિરોધ કરી રહ્યા છે તેમણે આ કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા તમામ કાર્યકર્તાઓને અપીલ કરવી જોઈએ. દિલ્હીની સરહદો પર ખેડૂતોના પ્રદર્શન સ્થળો પર સોમવારથી કિલ્લેબંધી શરૂ કરવામાં આવી હતી. પોલીસે સુરક્ષા વધારી દીધી છે અને બેરિકેડ્સની સંખ્યા પણ વધારી દીધી હતી. દિલ્હી-ઉત્તરપ્રદેશ સરહદ પર ગાઝીપુરમાં પરિવહનને અવરોધવા અનેક સ્તરના બેરિકેડ્સ ગોઠવાયા છે.

દિલ્હી પોલીસ કમિશ્નર એસ એન શ્રીવાસ્તવે સોમવારે ગાઝીપુર સરહદની મુલાકાત લઈ સુરક્ષા બંદોબસ્તની સમીક્ષા કરી હતી. આ વિસ્તાર ખેડૂત આંદોલનનું કેન્દ્ર બિન્દુ બન્યું છે. અધિકારીઓના મતે દિલ્હી પોલીસ કમિશ્નરે સુરક્ષાકર્મીઓ સાથે વાતચીત કરી અને તેમના આકરા પરિશ્રમની પ્રશંસા પણ કરી હતી.

આંદોલનકારી ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન હિંસા બાદ દિલ્હી બોર્ડર ખેડૂતો અને સરકાર વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. આ દરમિયાન આંદોલનકારી ખેડૂતોના સમર્થનમાં દિલ્હીની સરહદો પર ખેડૂતોની સંખ્યા સતત વધી રહી છે તો, બીજી તરફ સરકાર પણ સુરક્ષાના મુદ્દે અહીં કડક વ્યવસ્થા વધારી રહી છે. એવામાં ખેડૂત યૂનિયનના નેતા રાકેશ ટિકૈતે મંગળવારે એલાન કર્યું હતું કે ખેડૂત આંદોલન ઓક્ટોબર પહેલા ખતમ નહીં થાય, કિસાન નેતાએ સરકાર વિરુદ્ધ નવો નારો પણ આપ્યો હતો કે, કાનૂન વાપસી નહીં તો ઘર વાપસી પણ નહીં.

કિસાન યૂનિયન નેતા ટિકૈતનું કહેવુ હતું કે ખેડૂતોના વિરોધ રાજકીય નથી અને અહીં કોઈપણ રાજકીય દળના નેતાને મંચ પર સ્થાન કે માઈક આપવામાં આવ્યું નથી. પ્રદર્શનકારી ખેડૂતો નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહ્યા છે. જોકે પ્રજાસત્તાક દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા બાદ ખેડૂત આંદોલન વધુ ધારદાર બન્યુ

હતું, જેમાં વિપક્ષ નેતાઓ પણ ખેડૂત યૂનિયન નેતાઓની સતત મુલાકાત લઈ રહ્યા છે. મંગળવારે શિવસેના નેતા સંજય રાઉતે પણ ગાજીપુર સરહદ પર ખેડૂત નેતાની મુલાકાત લીધી હતી. સંજય રાઉતે પ્રજાસત્તાક દિવસે થયેલી હિંસાને લઈને પ્રતિક્રિયા આપી હતી કે ખેડૂત આંદોલનને દબાવવાના પ્રયત્ન કરવામાં આવ્યા હતા અને ખેડૂતો સાથે ઉભા રહેવા અને સમગ્ર મહારાષ્ટ્ર, શિવસેના અને ઉદ્ધવ ઠાકરે તરફથી આંદોલનને સમર્થન આપવુ અમારી જવાબદારી બને છે.

હોબાળા વચ્ચે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌપ્રથમ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસ સહિતના વિપક્ષે ગૃહની કામગીરી એક દિવસ માટે સ્થગિત રાખવા જણાવ્યું હતું જો કે આ માગણીને ઉપરાષ્ટ્રપતિ અને અધ્યક્ષ વેંકૈયા નાયડુએ ફગાવી દીધી હતી. જે સાંસદો બહાર નિકળી ગયા હતા તેઓ ફરીથી ગૃહમાં આવ્યા હતા અને તેમણે વેલમાં ઘસી જઈ સૂત્રોચ્ચાર કર્યો હતો. નાયડૂએ આ વ્યાજબી નહીં હોવાનું જણાવ્યું હતું. બીજી વખત ગૃહની કામગીરી સ્થગિત રખાયા બાદ ડેપ્યુટી ચેરમેન અધ્યક્ષની ખુરશીમાં બેઠા હતા ત્યારે પણ વિપક્ષે તેમની એકવાત માની નહતી અને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસ સહિતના વિપક્ષે નિયમ ૨૬૭ અંતર્ગત દિવસની કામગીરી બાજુ પર રાખી ખેડૂતોના મુદ્દે ચર્ચા કરવ માગ કરી હતી.

ઉપરાષ્ટ્રપતિએ તેની મંજૂરી ના આપતા રાષ્ટ્રપતિના અભીભાષણના પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન મુદ્દાને રજૂ કરવા જણાવ્યું હતું. રાજ્યસભામાં વિપક્ષના નેતા અને વરિષ્ઠ કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાદે ખેડૂતો બે મહિનાથી વધુ સમયથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને આ મુદ્દે ચર્ચા થવી જોઈએ. ટીએમસી સાંસદ શુખેન્દુ શેખર રોયે પણ આ મામલે જણાવ્યું કે સરકાર તેમજ ખેડૂત વચ્ચે શું ચાલી રહ્યું છે તેનાથી ગૃહ વાકેફ નથી. અમે આ ચોક્કસ મુદ્દે અલગથી વાત કરવા ઈચ્છીએ છીએ. ઉપરાષ્ટ્રપતિએ રાજ્યસભામાં આ મુદ્દે આવતીકાલે ચર્ચા કરવા માટે જણાવ્યું હતું અને ગૃહ સ્થગનની નોટિસ ફગાવી હતી. જેને પગલે કોંગ્રેસ, ડાબેરીઓ, ટીએમસી અને ડીએમકેના સાંસદોએ વોકઆઉટ કર્યું હતું.